# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડનગરમાં અદ્યતન વિકાસ પરિયોજનાઓના કામની સમીક્ષા કરી.**
2. **ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતે કહ્યું, ગુજરાતે યોગ્ય નીતિ થી વ્યૂહાત્મક દ્રષ્ટિકોણને સિદ્ધિઓમાં પરિવર્તિત કરી છે.**
3. **સાબરકાંઠાની પશુચિકિત્સા મહાવિદ્યાલયને ભારતીય પશુ ચિકિત્સા પરિષદની મંજૂરી.**
4. **રાજ્યભરમાં આજથી 12 દિવસના અવકાશ વિજ્ઞાન માટેના કાર્યક્રમ નું આયોજન**
5. **દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# VADNAGAR CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે ઐતિહાસિક નગર વડનગરમાં હાથ ધરાઈ રહેલી અદ્યતન વિકાસ પરિયોજનાઓનું નિરીક્ષણ કર્યું. વડનગર રેલવે મથક સામે હાલ અંદાજે 17 કરોડ રૂપિયાના ખર્ચે બહુવિધ પરિવહન કેન્દ્ર અને જાહેર સ્થળનું નિર્માણ થઈ રહ્યું છે. ઉપરાંત પાર્કિંગ , એમ્ફી થિએટર સહિતની સુવિધા પણ પ્રવાસીઓને ઉપલબ્ધ થશે.

શ્રી પટેલે વડનગરમાં નિર્માણાધિન બાંધકામ કૌશલ્ય તાલીમ સંસ્થાની કામગીરીનું પણ નિરીક્ષણ કર્યું. 14 જેટલા ઉદ્યોગકાર સાથે મળીને બની રહેલી આ સંસ્થા સ્થાનિક યુવાનો માટે બાંધકામ ક્ષેત્રે કૌશલ્ય વિકાસ થકી રોજગારીની તક પૂરી પાડશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, સ્વદેશ દર્શન યોજના હેઠળ હેરિટેજ સર્કિટમાં વડનગરના શર્મિષ્ઠા તળાવ, તાના-રિરિ પાર્ક અને આસપાસના તળાવ , લટેરી વાવ, અંબાજી કોઠા તળાવ, રેલવે મથક, ફોર્ટવૉલ વગેરેનો વિકાસ થઈ રહ્યો છે.

---

# DEFENCE SEMINAR

ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે કહ્યું , ગુજરાતે સંરક્ષણ ઉત્પાદન અને ઉદ્યોગ-સાહસિકતાને પ્રોત્સાહન આપીને દર્શાવ્યું છે કે , યોગ્ય નીતિ, માળખાગત સુવિધાઓ અને કૌશલ્ય વિકાસ સાથે આપણે વ્યૂહાત્મક દ્રષ્ટિકોણને સિદ્ધિઓમાં

પરિવર્તિત કરી શકીએ છીએ. ગાંધીનગરમાં ઉદ્યોગ વિભાગ દ્વારા "સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા" વિષય પર યોજાયેલા પરિસંવાદમાં શ્રી રાજપૂતે આ વાત કહી.

સાંભળીએ એક અહેવાલ.

## (V/C- NIKITA SHAH)

(ગાંધીનગરમાં યોજાયેલા આ કાર્યક્રમનો ઉદ્દેશ , ભારતના સંરક્ષણ ઉત્પાદન માળખામાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાનો , ગુજરાત આધારિત સુક્ષ્મ , લઘુ અને મધ્યમ ઉદ્યોગ- MSMEને રાષ્ટ્રીય સંરક્ષણ સંબંધિત ખરીદીઓ , નવિનતાઓ અને નિકાસ સુધીની પહોંચ આપવાનો અને તેમાં ભાગીદારી માટે સક્ષમ કરવાનો , સ્થાનિક ઉદ્યોગો અને મુખ્ય હિસ્સેદારો જેવા કે , સંરક્ષણ ક્ષેત્રના જાહેર ક્ષેત્રના એકમ, સંરક્ષણ ક્ષેત્રની મુખ્ય ખાનગી કંપનીઓ , સશસ્ત્ર દળો અને સંશોધન અને વિકાસ સંસ્થાઓ વચ્ચેના જોડાણોને સરળ બનાવવાનો અને રાજ્યની ઔદ્યોગિક શક્તિઓને રાષ્ટ્રીય સંરક્ષણ પ્રાથમિકતાઓ સાથે સંરેખિત કરવાનો હતો, જે વિકસિત ભારત 2047ના લક્ષ્યાંકમાં યોગદાન આપશે.)

(નિકિતા શાહ, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)

---

## GUJARAT ACHIEVEMENT

સાબરકાંઠાના હિંમતનગરની પશુચિકિત્સા મહાવિદ્યાલયને નવી દિલ્હીની ભારતીય પશુ ચિકિત્સા પરિષદ- V.C.I. દ્વારા મંજૂરી અપાઈ છે. પશુ ચિકિત્સા ક્ષેત્રે રાજ્યની સિદ્ધિ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આનંદ વ્યક્ત કર્યો. તેમણે સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું , રાજ્ય સરકાર દ્વારા કામધેનુ વિશ્વવિદ્યાલય સંલગ્ન

રાજપુરા, હિંમતનગર ખાતે કાર્યરત્ આ મહાવિદ્યાલયને નવી દિલ્હીની V.C.I. દ્વારા શૈક્ષણિક વર્ષ 2025-26થી 80 વિદ્યાર્થીની ક્ષમતા સાથે મંજૂરી અપાઈ છે.

આ મંજૂરી આસપાસના પશુપાલકો , અશ્વ-પાલકો તેમજ પાલતુ પ્રાણીઓના માલિકોને સહાયરૂપ થશે. તેમજ સમગ્ર ક્ષેત્રમાં આધુનિક પશુપાલન દ્વારા આર્થિક સ્થિતિ સુધારવામાં મદદરૂપ થશે તેવો વિશ્વાસ પણ શ્રી પટેલે વ્યક્ત કર્યો. પશુ ચિકિત્સા ક્ષેત્રે રાજ્યના વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દી ઘડવા તથા પશુપાલકોનો પશુપાલન ક્ષેત્રે વિકાસ થાય આ મહાવિદ્યાલય કાર્યરત્ છે.

---

# SPACE DAY PROGRAMME

રાજ્યમાં આજથી 12 દિવસના અવકાશ વિજ્ઞાન પ્રચાર અભિયાન કાર્યક્રમ યોજાશે, જેમાં 50 હજારથી વધુ વિદ્યાર્થી ભાગ લેશે. અવકાશ વિજ્ઞાનને પ્રોત્સાહન આપવા વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન કરાશે.

સાંભળીએ એક અહેવાલ.

## (વોઇસ કાસ્ટ : મિતલ પટેલ)

(...ગુજકોસ્ટના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો અને લોક વિજ્ઞાન કેન્દ્રો ખાતે ડૉ. વિક્રમ સારાભાઈની જન્મજયંતિ 12 ઓગસ્ટથી આ કાર્યક્રમો શરૂ થશે. 23 ઓગસ્ટ સુધી યોજાનારા આ કાર્યક્રમોનું અમદાવાદ ઈસરોના નિયામક નિલેશ દેસાઈ ઉદ્ઘાટન કરશે. જેની થીમ "આર્યભટ્ટથી ગગનયાન-પ્રાચીન જ્ઞાનથી અનંત સંભાવનાઓ ” રાખવામાં આવી છે. કાર્યક્રમનો ઉદ્દેશ વિવિધ આકર્ષક પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓ ,શિક્ષકો અને સામાન્ય લોકોમાં જિજ્ઞાસા, સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક સ્વભાવને જાગૃત કરવાનો છે. આ કાર્યક્રમ દરમિયાન ચિત્ર સ્પર્ધા, વૈજ્ઞાનિક ઇન્ટરેક્ટિવ સત્ર , વિજ્ઞાન ફિલ્મ શો , રાષ્ટ્રીય અવકાશ દિવસ પર રીલ મેકિંગ સહિતની સ્પર્ધા યોજાશે.)

મિતલ પટેલ આકાશવાણી સમાચાર અમદાવાદ

---

# AMRELI SAKSHAM SHALA

અમરેલી જિલ્લાની 17 શાળાને "સક્ષમ શાળા " પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી. સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા સક્ષમ શાળા કાર્યક્રમ હેઠળ જિલ્લા કક્ષાએ સ્વચ્છ , હરિત, સલામત, સ્થાયી, પાણી, શૌચાલય, આરોગ્ય રક્ષણ , હવા, જમીન સહિતના 12 ક્ષેત્રમાં ઉત્તમ કામ કરનારી શાળાને જિલ્લા અને તાલુકા કક્ષાએ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવી.

સમગ્ર જિલ્લામાં 12 સપ્ટેમ્બર 2024થી 10 ઑક્ટોબર 2024 સુધી સક્ષમ શાળા કાર્યક્રમ હેઠળ બેઝલાઈન સરવે હાથ ધરાયો. તેમાં શાળાઓ દ્વારા અપાયેલી વિગતોની ચકાસણી કરવામાં આવી. આ પરિયોજનાનો ઉદ્દેશ શાળાઓમાં શૈક્ષણિક અને ભૌતિક સુવિધાઓ દ્વારા વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ , સ્વચ્છતા, સારું વાતાવરણ અને તમામ આધુનિક સુવિધાઓ મળે તેવો છે.

---

# HAR GHAR TIRANGA

હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં આજે ત્રિ રંગા યાત્રા યોજાશે. જેમાં લોકોને ભાગ લેવા જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પરીકે અપીલ કરી.

**Byte પ્રશસ્તિ પારિક, કલેક્ટર, અરવલ્લી**

ભાવનગરમાં ભાજપ દ્વારા શહેરના પ્રત્યેક મંડ ળમાં ત્રિરંગા યાત્રા યોજાઈ , જેમા ધારાસભ્યો સહિત કાર્યકર્તાઓ જોડાયા.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ગઇકાલે વડોદરામાં નવલખી મેદાન ખાતે મહાનગરપાલિકા દ્વારા યોજાયેલી ત્રિરંગા યાત્રામાં સહભાગી થયા.

પંચમહાલમાં " હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા" તેમજ " સ્વતંત્રતા કા ઉત્સવ, સ્વચ્છતા કે સંગ"ની વિષયવસ્તુ આધારિત વિવિધ કાર્યક્રમ યોજાયા. ગોધરા ખાતે આવતીકાલે જિલ્લાકક્ષાની ત્રિરંગા યાત્રા યોજાશે.

તાપીની વિવિધ શાળાઓમાં રંગોળી, નિબંધ, અભિનય જેવી સ્પર્ધાઓ યોજાઈ.

રાજકોટની શાળાઓમાં બાળકો માટે ત્રિ રંગા પ્રશ્નોત્તરી યોજાઈ. દરમિયાન બાળકોએ શાળાઓમાં સુશોભન પણ કર્યા.

---

## MEHSANA TIRANGA YATRA

મહેસાણા મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે ત્રિરંગા યાત્રાનું આયોજન કરાયું છે. હરઘર તિરંગા અભિયાન હેઠળ યોજાનારી યાત્રામાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ , સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા સહિતના મહાનુભાવ જોડાશે. પોલીસ પરેડ મેદાનથી શરૂ થનારી યાત્રા અલગ અલગ સ્થળ પર ફરીને પરેડ મેદાન પર પરત ફરશે.

---

## WEATHER FORECAST

હવામાન વિભાગે રાજ્યમાં આગામી સાત દિવસ વરસાદની આગાહી કરી છે. ત્યારે આજે ડાંગ , તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલી જેવા જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. આ સિવાયના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા હોવાનું હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

**(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST, IMD AMDAVAD)**

દરમિયાન ગઈકાલે રાત્રે આઠ વાગ્યા સુધીમાં રાજ્યના 44 તાલુકામાં હળવો વરસાદ નોંધાયો. સૌથી વધુ એક ઈંચ જેટલો વરસાદ વડોદરાના સિનોર અને સુરતના માંગરોળ તાલુકામાં થયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 64 ટકાથી વધુ નોંધાયો છે.

---

## TRAIN

પશ્ચિમ રેલવેના રાજકોટ મંડળમાં ડબલ ટ્રેક કામને કારણે આગામી 20 ઑગસ્ટથી 23 ઑગસ્ટ સુધી કેટલીક ટ્રેનને અસર થશે. તે મુજબ, ભાવનગર-ઓખા એક્સપ્રેસ 21મી ઑગસ્ટ અને ઓખા-ભાવનગર એક્સપ્રેસ 22 ઑગસ્ટે ર   દ રહેશે. જ્યારે પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ 22 ઑગસ્ટે પોરબંદરથી એક કલાક અને 10 મિનિટ મોડી એટલે કે રાત્રે 8 વાગેને 50 મિનિટે ઉપડશે એમ રેલવેની યાદીમાં જણાવાયું છે.

---